દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

ગુરુવાર ૯ એપ્રિલ, ૨૦૨૬

શિયાળા-ઉનાળાના માવઠાંને કારણે આ વખતે ચોમાસું નબળું રહેવાના અણસાર

ક્લાયમેટ ચેન્જની વાતો થતી હતી પરંતુ હવે છેલ્લા કેટલાક વર્ષોથી ક્લાયમેટ ચેન્જનો અનુભવ થાય છે. ચોમાસામાં વરસાદ પડતો નથી અને શિયાળા અને ઉનાળામાં માવઠાં થાય છે. વરસાદ શિયાળા અને ઉનાળામાં વરસી જતો હોવાથી ખરેખર ચોમાસામાં જ્યારે તેણે વરસવાનું હોય છે ત્યારે ઓછો વરસાદ થાય છે. સરવાળે ખેતીના પાકને વ્યાપક નુકસાન થાય છે. આ વખતે પણ શિયાળામાં માવઠાં જોવા મળ્યા હતા. હાલમાં ઉનાળામાં પણ કમોસમી વરસાદ થઈ રહ્યો છે. આનું પરિણામ એ આવ્યું છે કે, આ વર્ષે ચોમાસાનો વરસાદ સામાન્ય કરતાં ઓછો રહી શકે છે. ખાનગી હવામાન એજન્સીએ આ વર્ષના ચોમાસાનું પૂર્વાનુમાન જાહેર કર્યું છે. તે મુજબ, વરસાદ સામાન્ય કરતાં 6% ઓછો રહી શકે છે. જૂનથી સપ્ટેમ્બર સુધી ચોમાસાના 4 મહિનામાં દેશમાં વરસાદની સામાન્ય સરેરાશ 868.6 મીમી છે. સામાન્ય કરતાં ઓછું ચોમાસું એટલે કે વરસાદ 90% થી 95% ની વચ્ચે રહેશે. એજન્સીએ 94% વરસાદનું અનુમાન આપ્યું છે. જૂનમાં સામાન્ય વરસાદ થશે, પરંતુ જુલાઈથી ઘટાડો શરૂ થઈને ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં ચોમાસું નબળું પડશે. ખાસ કરીને ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં વરસાદની અછત વધુ રહેવાના સંકેતો છે.

ચોમાસું નબળું કે સારૂં રહ્યું હોવાનું સરેરાશ વરસાદ પરથી નક્કી કરવામાં આવે છે. હવામાન વિભાગે 1971-2020ના સમયગાળાના આધારે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા માટે લોંગ પિરિયડ એવરેજને 87 સેમી એટલે કે 870 મીમી નિર્ધારિત કર્યું છે. જો કોઈ વર્ષનો વરસાદ 87 સેમીથી વધુ હોય, તો તેને સામાન્ય કરતાં વધુ ગણવામાં આવે છે. જો ઓછો હોય તો નબળું ચોમાસું ગણવામાં આવે છે. આ વખતે ચોમાસાની શરૂઆતમાં અલ-નીનો બનવાની સંભાવના છે. આનાથી ચોમાસું નબળું પડી શકે છે. હિંદ મહાસાગર દ્વિધ્રુવ (આઈઓડી) મજબૂત હોય તો અલ-નીનોની અસર થોડી ઓછી થાય છે. હાલમાં આઈઓડી સામાન્ય અથવા થોડું વધારે રહેવાની અપેક્ષા છે. આનાથી ચોમાસાની શરૂઆત સારી થશે, પરંતુ સિઝનના બીજા ભાગમાં વરસાદ નબળો પડવાનો ખતરો રહેશે. મધ્ય અને પશ્ચિમ ભારતના મુખ્ય વિસ્તારોમાં વરસાદ ઓછો રહેવાની શક્યતા છે. ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં મધ્ય પ્રદેશ, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની આશંકા છે.

સામાન્ય રીતે જ્યારે સમુદ્રનું તાપમાન 3 થી 4 ડિગ્રી વધી જાય છે ત્યારે અલ નીનોની સ્થિતિ ઉભી થાય છે. આની અસર 10 વર્ષમાં બે વાર થાય છે. જ્યારે તેની વધુ અસર થાય ત્યારે વધુ વરસાદવાળા વિસ્તારમાં ઓછો અને ઓછા વરસાદવાળા વિસ્તારમાં વધુ વરસાદ થાય છે. જ્યારે સમુદ્રનું પાણી ઝડપથી ઠંડુ થાય ત્યારે તેની દુનિયાભરના હવામાન પર અસર પડે છે. આકાશમાં વાદળો છવાય છે અને સારો વરસાદ થાય છે. ગત વર્ષે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું નિર્ધારિત સમય કરતાં 8 દિવસ વહેલું 24 મેના રોજ કેરળ પહોંચ્યું હતું. આવું 16 વર્ષ પછી બન્યું હતું. 2009માં 23 મેના રોજ કેરળ પહોંચ્યું હતું. મુંબઈમાં વરસાદ લાવનારી સિસ્ટમ 16 દિવસ વહેલી સક્રિય થઈ ગઈ હતી, જે 1950 પછી સૌથી વહેલી હતી. સામાન્ય રીતે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું 1 જૂન સુધીમાં કેરળ પહોંચે છે. 11 જૂન સુધીમાં મુંબઈ અને 8 જુલાઈ સુધીમાં સમગ્ર દેશમાં ફેલાઈ જાય છે. તેની વાપસી ઉત્તર-પશ્ચિમ ભારતમાંથી 17 સપ્ટેમ્બરના રોજ શરૂ થાય છે અને તે સંપૂર્ણપણે 15 ઓક્ટોબર સુધીમાં પાછું ફરે છે.

ભારતમાં ગયા વર્ષે ચોમાસું વહેલું પહોંચવાનું મુખ્ય કારણ અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં વધેલી ભેજ હતી. સમુદ્રનું તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું, જેના કારણે ચોમાસાના પવનો ઝડપથી સક્રિય થયા હતા. પશ્ચિમી પવનો અને ચક્રવાતોની હિલચાલથી પણ ચોમાસાને આગળ વધવામાં મદદ મળી હતી. આ ઉપરાંત, આબોહવા પરિવર્તન પણ હવામાનની પેટર્નમાં ફેરફારનું એક મોટું કારણ બન્યું હતું. જોકે, આ વખતે સ્થિતિ બદલાઈ ગઈ છે. ક્લાયમેટ ચેન્જની અસર હેઠળ આ વખતે શિયાળા અને ઉનાળામાં જ માવઠાં થઈ ગયા છે ત્યારે આ વખતે સારો વરસાદ થાય તેવી સંભાવના જોવામાં આવતી નથી. નબળાં ચોમાસાની આગાહીએ હાલમાં ખેડૂતોની સાથે પાણીની તંગની સંભાવનાથી સરકારને પણ ચિંતામાં મુકી દીધી છે. સરકાર જો પહેલેથી પગલા નહીં લે તો બની શકે છે કે આ વર્ષે પાણીની સમસ્યા ઉભી થાય.

સામાજિક સ્તરીકરણ: પ્રગતિના માર્ગમાં અદૃશ્ય અવરોધ

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

સામાજિક સ્તરીકરણ એ સમાજમાં સંપત્તિ, સત્તા, પ્રતિષ્ઠા, શિક્ષણ, જાતિ કે લિંગ જેવાં પરિબળોના આધારે વ્યક્તિઓ કે જૂથોનું ક્રમિક (ઉચ્ચ-નીચ) વર્ગીકરણ છે. આ પ્રક્રિયા સમાજમાં અસમાનતા અને વંશવેલો (Hierarchy) પેદા કરે છે, જ્યાં ઉચ્ચ સ્તરનાં લોકો પાસે વધુ સંસાધનો અને સત્તા હોય છે.

સામાજિક સ્તરીકરણનાં મુખ્ય પાસાંઓ જોઈએ તો તેનો મુખ્ય આધાર આર્થિક સ્થિતિ (આવક કે મિલકત), સામાજિક દરજ્જો, વ્યવસાય, શિક્ષણ, જાતિ, વંશ અને લિંગ છે. આધુનિક સમાજ સામાન્ય રીતે ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન વર્ગમાં વહેંચાયેલો છે. ઉપરાંત ભારતીય સંદર્ભમાં જોઈએ તો પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થા સ્તરીકરણનું એક જડ સ્વરૂપ છે, જે સામાજિક ગતિશીલતાને મર્યાદિત કરે છે.

આ વલણ તે વ્યક્તિગત ન હોતાં સમગ્ર સમાજનું લક્ષણ છે, જે આદિકાળથી અસ્તિત્વમાં છે. વિશ્વના લગભગ દરેક સમાજમાં સ્તરીકરણ જોવા મળે છે. સ્તરીકરણમાં સંપત્તિ, સત્તા કે પ્રતિષ્ઠાના કિસ્સામાં વ્યક્તિ એક સ્તરમાંથી બીજા સ્તરમાં જઈ શકે છે પરંતુ જાતિ કે લિંગના કિસ્સામાં તે જન્મ આધારિત હોય છે એટલે બદલી શકાતું નથી. સ્તરીકરણની પ્રક્રિયા સમાજમાં સંસાધનોની અસમાન વહેંચણી અને સામાજિક અસમાનતા માટે જવાબદાર છે.

આમ, સામાજિક સ્તરીકરણ એટલે કે સમાજમાં રહેલા ઉચ્ચ-નીચના ભેદભાવ, એ પ્રગતિના માર્ગમાં એક એવો મૂક શિલ્પી છે જે દેખાતો નથી, પણ બધું નક્કી કરે છે. તે ઘણી વાર યોગ્યતાના વેશમાં છુપાઈને લોકોની તકો છીનવી લે છે.

ખરેખર તો, આ સ્તરીકરણ માત્ર પૈસાની અસમાનતા નથી, પણ તે ત્રણ મુખ્ય બાબતો નક્કી કરે છેઃ પહોંચ (Access), અનુભવ (Exposure) અને અપેક્ષા (Expectation). ઘણી વાર આ ત્રણ બાબતો વ્યક્તિની મહેનત કરતાં પણ વધુ મહત્ત્વની સાબિત થાય છે.

૧. જન્મ અને વારસો

સુખી અને સંપન્ન ઘરમાં જન્મેલા બાળકને માત્ર સુવિધાઓ જ નથી મળતી, પણ તેને નાનપણથી જ ઉત્તમ શાળા, સંસ્કારી વાતાવરણ અને પ્રભાવશાળી લોકોનો સાથ મળે છે. તેનામાં કુદરતી રીતે જ આત્મવિશ્વાસ ખીલે છે. બીજી તરફ, ગરીબ ઘરમાં જન્મેલા બાળકે પહેલાં અછત અને મુશ્કેલીઓ સામે લડવું પડે છે અને ત્યાર પછી જ તે પોતાની પ્રતિભા બતાવવાનો વિચાર કરી શકે છે. આ બંનેની દોડ સમાન નથી. બંનેની શરૂઆતની લીટી જ અલગ છે.

૨. અનુભવ અને એક્સપોઝર (Exposure)

અનુભવ એક મોટી શક્તિ છે. જે બાળક કલા, વિજ્ઞાન અને દુનિયાની વાતો સાંભળીને મોટું થાય છે, તેની વિચારવાની શક્તિ અલગ હોય છે. જ્યારે બીજા બાળકની આખી જિંદગી માત્ર પાયાની જરૂરિયાતો પૂરી કરવામાં જ નીકળી જાય છે. યોગ્યતા હોવા છતાં જો મોકો ન મળે, તો તે પ્રતિભા સૂકી જમીનમાં પડેલા બીજ જેવી છે-જેમાં ઊગવાની ક્ષમતા તો છે પણ અનુકૂળતા નથી.

૩. નેટવર્ક અને ઓળખાણ

આજના સમયમાં ઈન્ટર્નશિપ, નોકરીની માહિતી કે સારી ભલામણ ઘણી વાર 'ઓળખાણ'થી મળે છે. યોગ્યતા કદાચ સફળતાનું બારણું ખોલે, પણ એ બારણું ક્યાં છે તે જોવાનું કામ સામાજિક સંબંધો (Network) કરે છે.

૪. માનસિક અસર અને આકાંક્ષા

સૌથી ખરાબ અસર વ્યક્તિના આત્મવિશ્વાસ પર પડે છે. સ્તરીકરણને કારણે નીચલા સ્તરનાં લોકોમાં 'આ બધું અમારા માટે નથી' એવી હીનભાવના જન્મે છે, જ્યારે ઉપરના સ્તરનાં લોકોમાં 'બધું મેળવવાનો અમારો અધિકાર છે' તેવો અહંકાર આવે છે. આમ, માણસનાં સપનાંઓ પણ તેની સામાજિક સ્થિતિ મુજબ મર્યાદિત થઈ જાય છે.

વ્યાવહારિક ઉદાહરણો:

જાતિ આધારિતઃ ઉના (૨૦૧૬) જેવી ઘટનાઓ દર્શાવે છે કે માત્ર જાતિને કારણે વ્યક્તિએ અપમાન સહન કરવું પડે છે અને તકો ગુમાવવી પડે છે.

ખરેખર તો, આ સ્તરીકરણ માત્ર પૈસાની અસમાનતા નથી, પણ તે ત્રણ મુખ્ય બાબતો નક્કી કરે છે: પહોંચ (Access), અનુભવ (Exposure) અને અપેક્ષા (Expectation).

વર્ગ આધારિતઃ અમદાવાદના પોશ વિસ્તારના બાળકને પિતાના બિઝનેસ નેટવર્કથી વિદેશ ભણવા જવું સહેલું લાગે છે, જ્યારે પૂર્વ વિસ્તાર કે મજૂર પરિવારના બાળક માટે ઉચ્ચ શિક્ષણ એક સ્વપ્ન બની રહે છે.

લિંગ આધારિતઃ ઘણાં પરિવારોમાં છોકરાને બહાર ભણવા મોકલાય છે, પણ છોકરીને 'ઘરકામ' અને 'લગ્ન' સુધી જ મર્યાદિત રાખવામાં આવે છે.

સામાજિક સ્તરીકરણ જટિલ પ્રક્રિયા છે. જ્યારે સમાજમાં રહેલી ભિન્નતાઓની સાથે ઉચ્ચ અને નિમ્ન એટલે કે ચઢતા-ઊતરતા ક્રમનો ભાવ જોડાય છે, ત્યારે તેને સ્તરીકરણ કહેવામાં આવે છે. સ્તરીકરણ એ ભૂગર્ભ શાસ્ત્રમાંથી આવેલો શબ્દ છે, જે રીતે પૃથ્વીમાં માટી અને રેતીના થરો એકબીજા પર ગોઠવાયેલા હોય છે, તેમ સમાજ પણ અલગ-અલગ સ્તરોમાં વહેંચાયેલો છે. ઉદાહરણ તરીકે, બધાં ફળોમાં કેરીને ફળોનો રાજા કહેવો એ સ્તરીકરણ છે કારણ કે ત્યાં એક પ્રકારનો કોટિક્રમ (Hierarchy) સ્થાપિત થાય છે. સ્તરીકરણ સભાનતાપૂર્વક અપનાવેલી પ્રક્રિયા છે જેમાં સભ્યોના અધિકારો, ફરજો અને સામાજિક મોભામાં અસમાનતા જોવા મળે છે.

અગાઉ જોયું તેમ સ્તરીકરણના મુખ્યત્વે બે પ્રકારો પ્રચલિત છેઃ બંધ સ્તરીકરણ અને ખુલ્લું સ્તરીકરણ. બંધ સ્તરીકરણમાં વ્યક્તિનું સ્થાન તેના જન્મ કે જ્ઞાતિ દ્વારા નક્કી થાય છે અને તે આજીવન બદલી શકાતું નથી, જેમ કે ભારતની પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થા. બીજી તરફ, ખુલ્લા સ્તરીકરણમાં વ્યક્તિ પોતાની લાયકાત, શિક્ષણ અને પુરુષાર્થના આધારે પોતાનું સ્તર બદલી શકે છે. વિભેદીકરણ એ માત્ર તફાવત સૂચવે છે, જ્યારે સ્તરીકરણ એ તફાવતોને ઉચ્ચ-નીચના ક્રમમાં ગોઠવીને સમાજમાં અસમાનતાનું માળખું તૈયાર કરે છે.

સામાજિક સ્તરીકરણ તકોને સાવ નકારતું નથી, પણ તે રસ્તાને ઢોળાવવાળો બનાવી દે છે. આ ઢોળાવ કેટલાક માટે નીચે ઉતરવા જેવો સરળ છે, તો કેટલાક માટે પહાડ ચઢવા જેવો કઠિન. આપણે માત્ર એ જ ન જોવું જોઈએ કે કોણ ઉપર પહોંચ્યું, પણ એ પણ જોવું જોઈએ કે કોણે કેટલા મુશ્કેલ રસ્તા પર મુસાફરી કરી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સાયકલ ચલાવીએ તો અર્થવ્યવસ્થા પર અસર થાય?

આ વાત હાસ્યસ્પસ્પદ લાગે છે. પણ સત્ય છે.એક સાયકલ ચલાવનાર વ્યક્તિ દેશ માટે મોટી મુસીબત છે કારણકે તે કાર નથી ખરીદતો લોન નથી લેતો. કારનો વિમો નથી કરાવતો,પેટ્રોલ-ડિઝલ નથી ખરીદતો, એ કારની સર્વિસ નથી કરાવતો અને કારના સ્પેરપાર્ટસ નથી ખરીદતો. એ પૈસા આપી ગાડી પાર્કિંગ નથી કરતો,એ ડ્રાઈવરને રોજગાર નથી આપતો એ મોટા પેટનો નથી થતો, એ બિમાર પડતો નથી. જી હા...એ સાચું છે કે અર્થવ્યવસ્થા માટે સ્વસ્થ વ્યક્તિ ઠીક નથી. એ દવાખાનામાં ડોક્ટર પાસે નથી જતો એ દવાઓ નથી ખરીદતો એ રાષ્ટ્રની GDP માટે કોઈ યોગદાન નથી કરતો. પ્રામાણિકતા ભરી બુદ્ધિથી વિચારો અને પસંદ કરો, દેશની અર્થવ્યવસ્થા માટે કોણ ફાયદાકારક...સાયકલ ચાલક કે પછી કારચાલક. પગે ચાલનારો તો આનાથી પણ ખતરનાક છે.કેમકે...એ તો સાયકલ પણ નથી ખરીદતો.

સુરત - પરેશ ભાટિયા

જેટ ફાઈટર પાયલોટ અભિનંદન

સૈનિકના કૌશલને સૌ પ્રથમ તો અભિનંદન. વર્તમાનમાં પશ્ચિમ એશિયાના યુદ્ધના F-35 જેટ ફાઈટરના પાયલોટના કૌશલ વિશે વાંચતાં વાંચતાં આપણા જેટ ફાઈટર (એ સમયના) સ્ક્વોર્ડન લીડર અભિનંદનની યાદ આવી ગઈ. પોતાનું જેટ ફાઈટર હીટ થયું છે તે જાણ્યા પછીથી લઈને ભારતની સરહદ પુનરાગમન વચ્ચેના સમય ગાળામાં એણે જે એક જ શબ્દ માનસિક સંતુલન જાળવી રાખ્યું એ ખરેખર ગજબનું હશે. જો કે બહુરત્ના વસુંધરા. આપણી સેના આવા વિરલાઓથી ભરપૂર છે. કેપ્ટન કાલીઆ, વાચક મિત્રો સ્વયં પોતે જ એના વિશે ગોતી કાઢજો. હજી તો 1971 ના એ યુદ્ધ કેદીઓની વાત બાકી છે. બસ તેઓને પ્રતિદિન નમસ્તે વંદન.

સુરત - ચેતન સુશીલ જોષી

ખંડિત મનોરંજન વિષે વધુ

તારીખ ૨૨ માર્ચના 'ગુજરાતમિત્ર'માં યુસૂફ ગુજરાતીનું ઉપરોક્ત શીર્ષક સાથેનું ચર્ચાપત્ર રજૂ થયું. તેમની રજૂઆત સંપૂર્ણ વ્યાજબી છે. રેડિયો સેટ પર રેડિયો અને વિશેષ રૂપે રાષ્ટ્રીય મનોરંજન ચેનલ વિવિધ ભારતી સાંભળતાં શ્રોતાઓ સ્થાનીય એફ એમ સ્ટેશનને આ ચેનલ સ્પષ્ટ અને સુમધુર ધ્વનિ ગુણવત્તા સાથે માણવાનું સાધન સ્વાભાવિક રીતે જ માને. પણ તેની સામે આકાશવાણીનાં આવા સ્થાનીય એફ એમ વિવિધ ભારતી સહ-પ્રસારણ કેન્દ્રોને વ્યાપારી જાહેરાતોથી આવક રળવા માટે વિવિધ ભારતીની રાષ્ટ્રીય ચેનલને સાધન માને છે. હવે દૂરના ગણાતા ભૂતકાળમાં પ્રાયોજિત કાર્યક્રમોની પેટર્ન એવી હતી કે કાર્યક્રમની શરૂઆતમાં, મધ્યમાં અને અંતમાં જ પ્રવક્તા દ્વારા પ્રાયોજક વિષેની ટૂંકી સૂચનાઓ તેમજ પ્રાયોજક દ્વારા ઉત્પાદિત સાધનો કે પ્રદાન કરાતી 'સેવાઓ'ની ટૂંકી જાહેરાત આવતી હતી. પણ તે સિવાયનો કાર્યક્રમ શુદ્ધ મનોરંજન કે જ્ઞાનનો રહેતો હતો. જ્યારે હાલ મોટા ભાગનાં પ્રાયોજિત કાર્યક્રમોમાં શરૂઆતથી અંત સુધી ફક્ત પ્રચાર હોય છે અને ક્યારેક કોઈ રડ્યાખડ્યા પ્રાયોજિત કાર્યક્રમમાં એકાદ ગીતની ઝલક જ આવી જાય છે. રેડિયો સિલોન પર જે સમયકાળમાં જાહેરખબરો અને પ્રાયોજિત કાર્યક્રમો આવતા હતા ત્યારે એક ગીત પછી ત્રીસ સેકન્ડમાં ત્રણેક વિજ્ઞાપન આવતા હતા. જે આજની જેમ કંટાળાજનક નહીં પણ આકર્ષક લાગતા હતા. સ્થાનીય એફ એમ વિવિધ ભારતી કેન્દ્રોની આવી ગોઠવણને કારણે ઘણાં શ્રોતાઓ વિવિધ ભારતીને ઈન્ટરનેટ કે મોબાઈલ એપ પર સીધું પ્રસારણ સાંભળતાં થયાં છે. આ ચર્ચાપત્રીનો વિવિધ ભારતી રાષ્ટ્રીય સેવાએ આકાશવાણીનાં હાલ ચાલી રહેલા ૯૦મા વર્ષ નિમિત્તે શરૂ કરેલી નવી શ્રેણી સ્મૃતિયોં કે સ્વરના પ્રથમ મણકામાં જ ઈન્ટરવ્યુ પ્રસારિત કર્યો હતો. તે ફક્ત ગુજરાતનાં સુરત સહિતનાં દરેક સ્થાનીય વિવિધ ભારતી કેન્દ્રોએ ૧૫ મિનિટ માંથી ફક્ત પ્રથમ પાંચ મિનિટનો સહ-પ્રસારિત કર્યો અને બાકીની ૧૦ મિનિટ ગુજરાતી ભાષાનું રાષ્ટ્રીય સમાચાર બુલેટિન પ્રસારિત કર્યું હતું. હવે જો હું સાવધાન રહી મોબાઈલ એપ પર સીધું પ્રસારણ નહીં સાંભળતે, તો મારી માનસિક સ્થિતિ કેટલી નિરાશાવાળી થતે? એક સમયમાં દર રવિવારે દૂરદર્શન સાંજે હિન્દી ફિલ્મો પ્રસારિત કરતું હતું ત્યારે એક ચોક્કસ સમયે સૂચના મૂકતું હતું કે પ્રાદેશિક કેન્દ્રો પોતાનાં વિજ્ઞાપન અને પ્રાદેશિક સમાચારો શરૂ કરે. પણ તેની સમયમર્યાદા નિશ્ચિત હતી અને દિલ્હી સાથે ફરી જોડાવાની સૂચના ચોક્કસ સમયે આવી જ જતી અને દરેક પ્રાદેશિક કેન્દ્રોને બાધ્ય રહેતી હતી. જ્યારે વિવિધ ભારતી રાષ્ટ્રીય સેવા અને સ્થાનીય કેન્દ્રો તથા આકાશવાણીના વ્યાપાર વિભાગ વચ્ચે યોગ્ય સંકલન નથી જેથી મુલાકાત આધારિત કાર્યક્રમો સહિત અનેક કાર્યક્રમો 'ખંડિત' રૂપે શ્રોતાઓ ને પ્રાપ્ત થાય છે.

નાનપુરા, સુરત - પિયુષ મહેતા

આપસ્તુતિ

કેટલાકને આપસ્તુતિ કરવાની ખોટી ટેવ હોય છે. અલબત્ત, બુદ્ધિશાળી હોય અને ક્યારેક બડાઈ મારે તો ચાલી પણ જાય પણ જ્યારે જુઓ ત્યારે પોતાની એટલી તારીફ કરે કે સામે હોય તેને કંટાળો આવી જાય. ઘણાં કહેવાતાં સિનિયર લોકો જુનિયર સામે એટલી બડાશ મારે અને પોતાનું ચડિયાતાપણું દર્શાવે. જુનિયર હોય તેમણે અનિચ્છાએ પણ વાત સાંભળવી પડે, વળી રસપૂર્વક વાત સાંભળવી પડે. જ્યાં જુઓ ત્યાં ખોટી ફિશિયારી! પોતે હોશિયાર છે, બુદ્ધિશાળી છે એવું જાહેરમાં વારંવાર બતાવ્યા કરે એ કેમ ચાલે? બુઝુર્ગ હોય ત્યારે વાત ધ્યાનમાં લેવી જોઈએ. માન, મોભો અને પૂજ્યભાવે વાત સાંભળો એમાં કશું ખોટું નથી. મેં એવી વ્યક્તિ જોઈ છે જે પોતાનાં પરાક્રમ ગાવા, શેખી મારવાની એકેય તક છોડતાં નથી. એવી ફુલાશ મારે કે સૌ જાણીને જે તે વ્યક્તિ તરફ દુર્લક્ષ રાખે. તે વ્યક્તિની સારી ટેવ પણ, બડાઈ મારવામાં ઝાંખી પડી જાય! દરેક જગ્યાએ મોટાઈ ન ચાલે, નમ્ર ભાવે બીજાની વાતો સાંભળીએ તો સૌને ગમે. ક્યારેક તો આપસ્તુતિ કરવામાં વ્યક્તિ સારા-નરસાનો ભેદ ભૂલીને વર્તન કરે. બીજાને ઝાંખા પાડવાની દોડમાં પોતે પાછળ રહી જાય. કેટલાંક તો બોલવાનું હોય ત્યાં પણ શાંત રહે. જ્યારે જે રજૂઆત કરવાની હોય ત્યાં સમયસર બોલવામાં શાણપણ છે. ક્યારે બોલવાનું અને ક્યારે શાંત રહેવાનું એટલું આવડી જાય તો મોટે ભાગની સમસ્યાઓનો ઉકેલ આવી જાય. છૂટા પડીએ ત્યારે કહે કે "એ પ્રશ્નનો જવાબ મને આવડતો હતો." ભાઈ મારા, તે સમયે બોલ્યા હોત તો તમામ પ્રશ્નોનો જવાબ મળી જાત! ટૂંકમાં આપસ્તુતિ ઓછી કરીએ, હોશિયાર હોય તે આગળ આવે તેમ કરીએ. કોઈને પ્રેરણા આપી માર્ગદર્શન મળે તેવા પ્રયાસો કરવામાં સમજદારી છે.

નવસારી - કિશોર આર. ટંડેલ

ઉઠાંતરી યુગ ચાલે છે

બહુચર્ચિત સાહિત્યિક બાબતો જે આજકાલની નથી. વર્ષોથી પહેલાંના સમયમાં પણ પ્રિન્ટ મીડિયામાં ઘણી વખત જોવા - વાંચવા - સાંભળવામાં આવ્યું હતું કે, લખે છે કોણ ને એને પોતાના નામે ચડાવી ધકેલે કોણ! અને એવા કહેવડાવતા ભ્રષ્ટાચારને પોષતા કંઈક અનામી લેખકો, કવિઓ, કવયિત્રીઓ અને ઘણાંખરાં અખબારોમાં જે તે વિષય વિભાગના સંપાદિત કરનારાઓ પણ એટલા લાલચી અને ભ્રષ્ટ. ઘણાં તો જાણે વર્ષોથી સાહિત્યસર્જનમાં માહિર હોય અને સંશોધનકર્તા હોવાના મહાભ્રમમાં રાચતા અને સોશ્યલ મીડિયા પર છવાઈ જવાના પાગલપનમાં પોતાની રીલ પોતે જ ઉતરાવી રાતોરાત ખ્યાતનામ બનવાનાં સપનાં જોતાં થયા છે. આજના સમયમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક બેઉ મીડિયા પર પણ એ જ પ્રકારે.. આખેઆખા લેખ કે, થોડા સુધારાવધારા કરી એકાદ લેખ - કવિતા - કે, સંશોધનાત્મક વક્તવ્ય થકી મોડર્ન મોહિની બનવાનાં સપનાં જોતાં થયા છે.. ત્યારે એમની નાદાનિયત પર દયા આવી જાય છે.ખેર.. આજે એવો સમય વર્તાય છે કે, કોઈને કશું કહેવા કરતાં મૌન રહેવું ઉચિત. સાચા સાહિત્ય સર્જનના ઉપાસકો માટે હવે સદાકાળ મૌનસેવન કોઠે પડી ગયું છે. આવા ઉઠાંતરી યુગમાં હવે મૂલ્યનિષ્ઠ લેખકો અને જે તે વિષયના વાચક વર્ગની પીડા ખરેખર અસહ્ય થતી જાય છે.

સુરત - પંકજ શાં. મહેતા

સુખ અને દુઃખનું કારણ - માત્ર અપેક્ષા



'કોઈનો પ્રેમ ઓછો નથી હોતો આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.'અને આ આપણી અપેક્ષા ...આપણા સુખ કે આપણા દુઃખનું મૂળ બને છે.

નવા ઘરના ડેકોરેશનનું કામ ચાલુ હતું.બધાં જ દોડાદોડી કરી રહ્યાં હતાં,ઘરમાં સજાવવા માટે ફૂલ લાવવામાં આવ્યાં અને ચારે બાજુ સુંદર ગુલદસ્તા સજાવવામાં આવ્યા હતા.સુંદર ફૂલદાની તાજાં ફૂલોથી શોભતાં હતાં.ઘરના રસોડામાં પણિયારે મૂકવા નવું માટલું પણ લાવવામાં આવ્યું હતું.

સુંદર રીતે આખું નવું ઘર સજાવવામાં આવ્યું, પૂજા કરવામાં આવી, મહેમાનો આવ્યાં,નવા ઘરની વાસ્તુ પૂજા સરસ રીતે સંપન્ન થઇ...પ્રસંગ પૂરો થયો ,બધાં થાકી ગયાં હતાં. વાતો કરતાં સૂઈ ગયાં.

બીજે દિવસે સવારે, પાણી ભરતાં નવું માટલું ફૂટી ગયું. બધાં નોકરાણીને ખીજાવા લાગ્યાં..અરે નવું જ ડિઝાઈનર પેન્ટિંગ કરેલું મોંઘુ ૭૦૦ રૂપિયાનું માટલું હતું. બે ત્રણ વર્ષ ચાલત અને તે પહેલે દિવસે જ તોડી નાખ્યું.બધાંનાં મન દુઃખી થઈ ગયાં.

આ બધું સાંભળી રહેલાં દાદી બોલ્યાં, ''ચાલો, હવે આ ચારે બાજુ સજાવેલાં ફૂલો અને તોરણો કરમાઈ ગયાં છે તે કરમાયેલાં ફૂલોને સાચવીને મૂકી દઈએ!'' આ સાંભળી બધાં એકસાથે બોલી ઊઠ્યાં, 'અરે, દાદી, કરમાયેલાં ફૂલોને શું કામ સાચવવાં છે...હવે તો કચરામાં જ ફેંકવાના છે.''

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

દાદીએ કહ્યું, ''આ હજારો રૂપિયાનાં ફૂલોની સજાવટ એક જ દિવસમાં કરમાઈ ગઈ છતાં આપણને દુઃખ નથી થતું અને હા માત્ર ૭૦૦ રૂપિયાનું માટલું તૂટી ગયું તો આટલો બધો ગુસ્સો અને દુઃખ? આમ કેમ?''

કોઈ કંઈ બોલ્યું નહિ. કારણ દાદીના આ સવાલનો કોઈ પાસે જવાબ ન હતો. દાદી જ આગળ બોલ્યાં, 'હું જ કહું આમ થવાનું કારણ છે 'આપણી અપેક્ષા'.....આપણું મન પહેલેથી જ જાણે છે કે આ હજારો રૂપિયાનાં ફૂલો કાલે જ કરમાઈ જશે...પણ આ ૭૦૦ રૂપિયાનું માટલું તો બે ત્રણ વર્ષ ચાલશે તેવી અપેક્ષા તેની સાથે જોડાયેલી છે તેથી આપણને તે તૂટી ગયું તેનું દુઃખ થાય છે.''

દાદી આગળ બોલ્યાં, ''જુઓ, આ વાતમાં એક જીવનની સમજ છે એટલે હું તમને ઊંડાણથી સમજાવવા માંગું છું.આવું આપણા જીવનમાં ડગલે ને પગલે થશે.ફૂલો તરફથી લાંબા સમય સુધી ટકવાની અપેક્ષા ન હતી તેથી દુઃખ ન થયું અને માટલા તરફથી હતી તેથી દુઃખ થયું.આ જ રીતે જીવનમાં જે તરફ ,જેના તરફ વધુ અપેક્ષા રાખીશું તે તરફથી વધુ દુઃખ મળશે. જેટલી અપેક્ષાઓ ઓછી એટલું દુઃખ ઓછું. આ જીવનનું સત્ય સમજવા જેવું છે.''દાદીએ સુંદર સમજ આપી.

લોકો ધારે તો શું કરી શકે એનું જ્વલંત ઉદાહરણ

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

કેરળના પલક્કડ જિલ્લાના ચિત્તૂર-થાથમંગલમ નામના નગરના લોકોએ રાજ્ય સરકારના 'ડ્રાફ્ટ માસ્ટર પ્લાન, 2031' નામના વિકાસના આયોજનનો વિરોધ કર્યો, પણ એટલેથી અટકવાને બદલે તેમણે પોતે, પોતાના નગરની વિશેષતાઓને ધ્યાનમાં રાખીને 'ચિત્તૂર-થાથમંગલમ માસ્ટર પ્લાન 2042' તૈયાર કર્યો. નગર આયોજનના બે નિષ્ણાતો જયરાજ સુંદરેશન અને માલિની કૃષ્ણકુટ્ટીની 'માસ્ટર પ્લાન એક્સપર્ટ કમિટી' (એમ.પી.ઈ.સી.) બનાવવામાં આવી અને સૌએ મળીને નગરની વિવિધ વિશેષતાઓને લક્ષમાં રાખીને વૈકલ્પિક આયોજન ઊભું કર્યું. ગયા સપ્તાહે તેની મુખ્ય વિગતો જાણ્યા પછી આ આયોજનનાં વિવિધ પાસાં કેવાં રહ્યાં એ જાણવું જરૂરી બની રહે છે.

માલિની કૃષ્ણકુટ્ટીના જણાવ્યા અનુસાર ભારતમાં વિશાળ સંખ્યામાં લોકો અનૌપચારિક આવાસમાં વસે છે અને તેમની આજીવિકાના સ્રોત પણ અનૌપચારિક હોય છે. જે સામુહિક સ્થાનો અને નૈસર્ગિક સ્રોત પર તેઓ અવલંબિત છે તેને મોટે ભાગે 'બિનઆયોજિત'ની શ્રેણીમાં મૂકવામાં આવે છે. મિલકતના હકને પ્રાથમિકતા આપતા આયોજનના આધુનિક અભિગમને બદલે આપણે જળજમીનને સહિયારી મિલકત તરીકે જોવાનો અભિગમ અપનાવવાની જરૂર છે.

આ અભિગમને કેન્દ્રસ્થાને રાખીને કામ શરૂ કરવામાં આવ્યું, જેમાં સ્વયંસેવકો અને સ્થાનિકોનાં સૂચનો તેમજ વાંધાવિરોધ મંગાવવામાં આવ્યા. તેની પર વિચારવિમર્શ કરાયો. મ્યુનિસિપાલિટી પાસે આ માટેનાં નાણાંની જોગવાઈ અપૂરતી હોવાથી 'એમ.પી.સી.'ના સભ્યોએ અવેતન કામ કર્યું. વિવિધ કૌશલ્યમાં નિષ્ણાત સ્થાનિકો અને વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોએ એ જ રીતે સંકળાયા. ક્ષેત્રીય કાર્ય માટે જે બે જુનિયર પ્લાનરો સંકળાયા તેમની મર્યાદિત નાણાંકીય જોગવાઈ 'ધ કેરલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ એડમિનિસ્ટ્રેશન'દ્વારા કરવામાં આવી. આસપાસની યુનિવર્સિટીના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ 'જી.આઈ.એસ. (જિયોગ્રાફિક ઈન્ફર્મેશન સિસ્ટમ) મેપિંગ, ભૂપૃષ્ઠના મોડેલિંગ તેમજ સ્થળચકાસણી જેવાં કામોમાં સંકળાયા. રાજકીય કર્મશીલો, ઉદ્યોગ સાહસિકો તેમજ બૌદ્ધિકોએ અમલદારશાહી સાથે સુમેળ સાધ્યો અને નાણાંકીય વ્યવસ્થા સંભાળી, તો સ્થાનિક રહીશોએ મિલનનાં આયોજન કરીને આ ચળવળ માટે જનાધાર ઊભો કર્યો.

મિલકતના હકને પ્રાથમિકતા આપતા આયોજનના આધુનિક અભિગમને બદલે આપણે જળજમીનને સહિયારી મિલકત તરીકે જોવાનો અભિગમ અપનાવવાની જરૂર છે

ત્રણ તબક્કે આ આયોજનપ્રક્રિયાએ આકાર લીધો. પહેલા તબક્કામાં રાજ્ય સરકારનો 'ડ્રાફ્ટ માસ્ટર પ્લાન, 2031'લોકોને સમજાવવામાં આવ્યો, જેમાં નગરના કુલ 29 વોર્ડને નવ સમૂહમાં વિભાજીત કરવામાં આવ્યા. મલયાલમ ભાષામાં જ બધી ચર્ચા થતી, જેથી સૌ કોઈ તેને સરળતાથી સમજી શકે. બીજા તબક્કામાં સ્થાનિકોની જરૂરિયાત, તેમની આકાંક્ષાઓ અને નિસ્બત સાથે સંકળાયેલી વિવિધ બાબતો પર એકદમ મુદ્દાસર, શ્રેણીબદ્ધ સમૂહચર્ચાનો દૌર ચાલ્યો. બાર શાળાઓના પચાસ બાળકોને નગરની ભાવિ જરૂરિયાત શી છે એ વર્ણવવાથી તેનો આરંભ થયો, જેમાં આગળ જતાં સાડા પાંચસો સહભાગીઓને સાંકળતી વીસેક સમૂહચર્ચાઓ થઈ. આ ચર્ચામાં શિક્ષણ, રોજગાર, જાહેર સ્વચ્છતા, પર્યાવરણ, સામાજિક સમાનતા, જ્ઞાતિગત સમીકરણો વગેરે વિષયોને આવરી લેવામાં આવ્યા.

સ્થાનિક ટીમોએ જમીનના ઉપયોગને વિગતવાર અંકિત કર્યો અને તેનું મલયાલ ભાષામાં જ દસ્તાવેજીકરણ કર્યું. એ પછી આયોજિત કરાયેલી ત્રણ દિવસીય કાર્યશાળા 'માસ્ટર પ્લાન શિલ્પશાલા'માં આયોજન સમિતિએ આયોજન તેમજ વિવિધ ક્ષેત્રના પંદર નિષ્ણાતોને દેશભરમાંથી આમંત્ર્યા અને 186 સ્થાનિકો સાથે તેમને જોડ્યા. આમ, સમગ્ર આયોજન એકદમ વાસ્તવિક બની રહે એ ધ્યાન રાખવામાં આવ્યું. આ કાર્યશાળામાંથી જે વિચારો જન્મ્યા તેના આધારે લોકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખતા 'માસ્ટર પ્લાન, 2042'નો પાયો તૈયાર થયો. એક જ ઉદાહરણ જોઈએ. આ નગરમાં ચાલવું અને સાયકલ મુખ્ય બાબતો છે, પણ સરકારી આયોજનમાં તેને બદલે પહોળા રસ્તા હતા. ગામલોકોએ પોતાના આયોજનમાં ચાલવા માટેની ફૂટપાથ તેમજ સાયકલ ટ્રેકની જોગવાઈ કરી. પૂરનિયંત્રણ માટે પણ નદીનાળાં તેમજ અન્ય જળસ્રોતોને જોડવામાં આવ્યાં. આવું જ વૃક્ષાચ્છાદન માટે.

ત્રીજા તબક્કામાં આખરે જુલાઈ, 2024માં રાજ્ય સરકારના પ્લાનને સ્થાને લોકો દ્વારા તૈયાર કરાયેલો પ્લાન ચીફ ટાઉન પ્લાનરના કાર્યાલય દ્વારા સરકારને જમા કરાવવામાં આવ્યો. મ્યુનિસિપાલિટીએ આ પ્લાનને મલયાલમમાં સમજાવતી ચાલીસ પાનાંની પુસ્તિકાનું ઘેરઘેર વિતરણ કર્યું. વિચારવિમર્શ માટેના સાઠ દિવસના સમયગાળા પછી વિશેષ સમિતિએ પોતાનો આખરી અહેવાલ સરકારમાં આપ્યો છે અને હવે આ પ્લાનને અધિકૃત સરકારી મંજૂરી મળે તેની પ્રતીક્ષા છે.

કેરળના આ નગરે ખરેખર તો એક નવી કેડી કંડારી છે. પોતાના સમુદાયના હિત માટે સૌ સંપીને કામ કરે તો કેવું ઉત્તમ પરિણામ મળી શકે એનું આ જીવંત ઉદાહરણ છે. હિમાંશુ નિતનવરે દ્વારા 'ડાઉન ટુ અર્થ'પોર્ટલ માટે આલેખાયેલો આ અહેવાલ ખરા અર્થમાં એક પ્રેરક ગાથા કહી શકાય એમ છે.

આયોજનની પુસ્તકિયા વ્યાખ્યા અને વાસ્તવિક આયોજન વચ્ચેનો ભેદ કેટલો મોટો હોય છે, એ પણ આમાં ઊજાગર થાય છે. વર્તમાન સમયમાં પાકા રોડ અને આડેધડ બંધાઈ રહેલા પુલોને વિકાસ તરીકે ઓળખાવાય છે અને તેનાથી થતા વિશાળ આર્થિક લાભ ગણાવવામાં આવે છે. ઘણાખરા કિસ્સામાં તો કેવળ તેની પાછળ ફાળવવામાં આવેલી તોતિંગ રકમ જ પૂરતી થઈ પડે છે. લોકોની વાસ્તવિક જરૂરિયાત શી છે એ ભ્રામક રાજકીય પ્રચારના મારામાં કોરાણે મૂકાઈ જાય છે. વિકાસ એ જરૂરિયાતનો નહીં, પણ રાજકીય મુદ્દો બની ગયો છે. આવા માહોલમાં કેરળનું આ નગર એક નવી જ દિશા ચીંધે છે અને તે એ પણ દર્શાવે છે કે, આપણા ભલા માટે આપણાથી વિશેષ કોઈ વિચારી ન શકે. આ સમગ્ર પ્રકલ્પમાં સ્થાનિક રાજકારણ નડ્યું હશે કે કેમ, એ ખબર નથી, પણ મૂળ વાત એ છે કે સૌએ ભેગા મળીને પરિણામલક્ષી કામ કર્યું. હવે આગામી એક બે દાયકામાં એ દિશામાં કામ થશે એટલે તેનાં સુપરિણામ પણ જોવા મળશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.